Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal April. 2021, Year - 7 (96)
www.researchreviewonline.com Paper ID: RRJ028936

# ગાંધીને પગલે તું ચાલીશને ગુજરાત?

સમીર ભટ્ટ
પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ,
સમર્પણ આર્ટસ કોલેજ, ગાંધીનગર

---

૧

કલાનું એક સુખ હોય છે.આ સુખ આપણને જીવંત રાખે છે.આપણા માંહ્યલાને સમૃદ્ધ કરે છે.આપણને માણસ બનાવે છે.આપણે કળા દ્વારા સંવેદનશીલ રીતે બીજા માણસ સાથે જોડાઈ શકીએ છીએ.એક માણસે અનુભવેલું કોઈ સંવેદન બીજો માણસ એવી જ તીવ્ર રીતે અનુભવી શકે એનાથી રૂડું બીજું શું? આવા જોડાણને ઉમાશંકર જોશી ‘સમ સંવેદન’ કહે છે. આપણા સર્વકાલીન ઉત્તમ સર્જક,સંસ્કૃતિ પુરુષ ઉમાશંકર જોશીએ સર્જક અને વાચક પાસે જે સમ સંવેદનની અપેક્ષા રાખી છે તે મારા અહીં આપ સૌ સાથેના શબ્દસંવાદના મૂળમાં છે.

૨

આપ સૌ સાથેના સંવાદની આ ક્ષણે ઉમાશંકર જોશી યાદ આવ્યાં એનું પણ એક કારણ છે. ઉમાશંકર જોશી જે કહે છે તેવું ‘સમસંવેદન. સાધવું એ આપણા સમયની કદાચ સૌથી મુશ્કેલ બાબત છે.આપણી સંવેદનશીલતાને એટલી જ તીવ્રતાથી જાણી શકે તેવો માણસ આજે ક્યાં? સંવાદ સાધવામાં જ જયારે મુશ્કેલી પડતી હોય ત્યાં સમસંવેદન ક્યાંથી સ્થપાય? આપણો એક આધુનિક સર્જક કહે છે તેમ – પોતાની કડકડતી એકલતા લઈ સૌ બેઠા છે ટોળાને તાપણે- આવી હાલત જયારે છે ત્યારે ૧૧૧ વર્ષ પહેલા ઇડર પાસેના બામણા ગમે ૨૧ જુલાઈએ જન્મેલા કવિ ઉમાશંકરને યાદ કરીએ અને એની કવિતા પાસે જઈને પૂછીએ કે કવિ, જો અમારી સંવેદના સાથે સમ પર આવી શકે તેવો માણસ અમને નથી મળતો તો એના કારણ શું છે અને એ નહીં જ મળે? અથવા તો કઈ રીતે મળે? અને



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-96-april-2021/RRJ028936

વાચક બિરાદરો એટલું નક્કી છે કે કવિતા તો દીપ અને દર્પણ છે ...દર્પણ આપણી સાચી ઓળખ આપે અને દીપ આપણા જીવનને અજવાળી સાચો રસ્તો દેખાડે. તો આજે, આ અતિથી લેખક દ્વારા ઉમાશંકર જોશીની બે કવિતામાંથી આપણી સાચી ઓળખ અને સાચા જીવનપંથની વાત એમના જન્મદિવસે વાચક બિરાદરોની ખિદમતમાં.

૩

નવેમ્બર ૧૯૩૦ માં દેત્રોજ પોલીસ થાણામાં કેદી ઉમાશંકર એક કવિતા લખે છે. એ કવિતા આમતો સ્વાતંત્ર્ય સંગ્રામ વખતની છે, ગુલામીની સામેના કવિના અવાજની છે. જરા જોઈએ.

હું ગુલામ ?
સૃષ્ટિબાગનું અમુલ ફૂલ માનવી ગુલામ ?
સ્વતંત્ર પુષ્પ ખીલતાં,
સ્વચ્છંદ પંખી ઉડતાં,
હલાવતાં સુડાળ ઝાડ,ના કહેતું કોઈ ના.
સરે સરિત નિર્મળા,
નિરંકુશે ઝરે ઝરા,
વહે સુમંદ નર્તનો, ન કોઈ હાથ દેતું ત્યાં.
સિંધુ ઘૂઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઈ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં.
સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ ?

આમ તો આ કવિતા અંગ્રેજોની ગુલામી સામે સ્વતંત્રતાની હાકલની છે. પણ કવિતા અને એમાં પણ ઉમાશંકર જોશીની કવિતા તો સ્થળ સમયની સીમાને ન ગાંઠે. નવા નવા અર્થો એમાંથી આપણને મળતા રહે જ. સ્વતંત્રતા અને ગુલામી આ બે શબ્દો આપણા

સમયની પણ સમસ્યા છે.આપણી સંવેદનાને સમજી ન શકનારા અને તેને હાની પહોચાડનારા એટલે વધતા જાય છે કેમકે આપણી સામે ગુલામી નવા રૂપે આવી છે. આપણો સમાજ અને આપણે પણ કેટકેટલી ગુલામીની ટેવ પાડી બેઠા છીએ? રાજકીય,આર્થિક, સામાજિક, ધાર્મિક શાસકો એમની વિચારધારાઓના જાળા ગૂંથીને આપણને એની આદતો પડે છે...જીવનની ઉલ્લાસિતતાને સ્થાને કોઈના વિચારના દાબમાં જીવવાની ટેવ પડી જાય ત્યારે સંવાદ કે સમ સંવેદન શક્ય જ ન બને. નદીની એક જ વાત – નિત્ય વહેવું...ફૂલની એક જ વાટ ખીલવું, સુગંધ પ્રસરાવવી અને ખરી જવું.... વળી પોતાની આગવી સુગંધ...કોઈની ઉછીની સુગંધ નહી..... એટલે જ આપણા ઉમાશંકર દાદા અરીસો બતાવતા કહે છે – 'સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી જ કાં ગુલામ?'

૪.

-તો કવિનો કારમો પ્રશ્ન..માનવી જ કાં ગુલામ? આપણી ખરી સમસ્યા – માનસિક ગુલામી. જે આપણી સંવેદનાને બુઠ્ઠી કરે. ધર્મને નામે,જાતિને નામે,સમાજને નામે, રાજકાજને નામે અને બજારને નામે આપણે આપણી જાત ન વેચીએ એ જ કવિ ઉમાશંકર જોશીની ૧૯૩૦ માં કરેલી હાકલનું નવું વર્ઝન....હવે આ માનસિક ગુલામીથી બચવું કેવી રીતે? શો રસ્તો છે એનો ? ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપનાના બે દિવસ અગાઉ લખાયેલી કવિતામાં કવિએ આપણા સૌ પાસે રાખેલી અપેક્ષા માથી જ મળે છે. જરા જોઈએ એને પણ....

"ગાંધીને પગલે તું ચાલીશને ગુજરાત?
કૃષ્ણ ચરણથી અંકિત ધરતી તણી બની આ કાયા:
પવિત્ર જરથૃષ્ટિ આતશ બહેરામ અહીં લહેરાયા ,
અશોકધર્મલિપિથી પાવન :
જિનવરશિષ્યોની મનભાવન.
સત્ય-અહિંસાની આંખે તું ભાળીશને ગુજરાત?
નરસિંહ-મીરાંની ગળથૂથી , ઘડી શુર સરદારે,



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-96-april-2021/RRJ028936

મૃદુલ હૃદય તું , તોયે નિર્ભય સિંહ ડણક ઉદગારે,
મંદિર મસ્જીદ વાવ તોરણે,
લચે રમ્યતા તવ વને-રણે.
બિરુદ 'વિવેકબૃહસ્પતિ'નું જે, પાળીશ ને ગુજરાત ?
ગાંધીને પગલે તું ચાલીશને ગુજરાત?"

મિત્રો, આ છે આપણી ખરી ઓળખ. જે આપણને કવિ યાદ આપે છે..કોણ છીએ આપણે? જ્યાં કૃષ્ણ વસ્યાંતા, જ્યાં એકાધિક ધર્મોના પવિત્ર ધ્વજ લહેરાતા રહ્યા છે,જ્યાં નરસિહના પ્રભાતી સુરો લહેરાયા છે જ્યાં આર્દ્ર કરી દેતા મીરાંના પદો ગવાતા રહ્યા છે, શિલાલેખો,મંદિરો,વાવ,તોરણોની સમૃદ્ધિ છે,જ્યાં સત્ય, અહિંસાના પ્રયોગો થયા છે એ ભૂમિના સંતાનો આપણે....જયારે જયારે આ બધુ વિસરી જઈશું ત્યાં સંવાદ તૂટશે,સમસંવેદન શક્ય નહીં બને...કવિ ઉમાશંકર જોશી કેવળ કવિ નથી. આપણા સંસ્કૃતિ પુરુષ છે.આપણી ઓળખ આપણને કરાવે તેવા ઋષિ. એની કવિતા એ દર્પણ છે અને દીપ પણ....આપણને આજે આવા - આપણી વિસરાતી જતી ઓળખની પુન;પ્રાપ્તિ કરાવે તેવા કવિની ગરજ છે,જરૂર છે... વાચક બિરાદર, આ સંસ્કૃતિ પુરુષની કવિતાના રસ્તે ચાલીને આપણા હ્રદયમાં ધીરે ધીરે પ્રસરતી જતી સંકુચિતતાને દુર કરી આપણી સંવેદનાનો વિસ્તાર કરીએ , આપણે બીજાની અને બીજા આપણી સંવેદનશીલતાને જાણીએ એ જ અપેક્ષા કવિના જન્મદિવસે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-96-april-2021/RRJ028936